# લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા ભૂલકાઓને અલ્પાહાર



મોડાસા, તા.૩

અરવલ્લી જિલ્લામાં સતત સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતી લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા મોડાસા તાલુકાના ગાજણ ગામની આંગણવાડી અને ગાજણ પ્રાથમિક શાળાના મળી કુલ ૨૩૦ વિદ્યાર્થીઓને પોષ્ટીક અલ્પાહાર લાયન્સ ક્લબ ઓફ મોડાસાના પ્રમુખ મનુભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ સુરેશ પટેલ, લા. પ્રવિણ પરમાર, લા. કનુ પટેલ અને ખીલન પટેલે તેના હસ્તે ભુલકાઓને અલ્પાહાર કરાવતા ભુલકાઓ અને ગ્રામજનોમાં આનંદ છવાયો હતો. લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા 'હંગર' કાર્યક્રમને અનુલક્ષીને શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં કોઈ બાળક ભુખ્યુ ના રહે તે માટે શ્રેણીબદ્ધ આયોજન કરવામાં આવ્યું છે.

# ૬૭મા વન મહોત્સવની ઉજવણી મેઘરજ ખાતે કરાશે

મેઘરજ, તા.૩

તા.૪/૮/૨૦૧૬ ના રોજ અરવલ્લી જિલ્લાના મેઘરજ ખાતે ૬૭ મો વન મહોત્સવ યોજાનાર છે. આ વન મહોત્સવમાં માન.મંત્રીશ્રી રજનીકાન્ત પટેલ (રાજ્યકક્ષાના) ગ્રુહ,પોલીસ આવાસો તેમજ સરહદી સુરક્ષા,માન.પ્રભારી સચિવશ્રી આર.એમ.જાદવ ,જિલ્લા પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ પારધી, મા.સંસદ સભ્યશ્રી દીપસિંહ રાઠોડ, અનુસુચિત જન જાતિ વિકાસ નિગમના અધ્યક્ષશ્રી રમીલાબેન બારા આ કાર્યકર્મમાં ઉપસ્થિત રહેનાર છે.

# ધાનેરાના નેનવા ગામે બાળક પર મૂર્તિ પડતા બાળક ગંભીર

## સારવાર અર્થે ૧૦૮ દ્વારા ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાયું



પાલનપુર, તા.૩

ધાનેરા ના નેનવા ગામમાં એક બાળક ઉપર મૂર્તિ પડી જતા બાળક ને ગ,ભીર ઈજા થવા પામી હતી લોકો ધ્વરા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ની ટીમ દ્વારા બાળકને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યું હતું

જાણવા મળતી માહિતી અનુસાર નેનવા ગામમાં આવેલા બગીચા બાળકો રમી રહ્યા હતા તે સમય દરમ્યાન કિરણભાઈ ખેમાભાઈ ભીલ ઉ.વ ૧૫ રહે નેનવા નામના બાળક ઉપર બગીચામાં પડેલી મૂર્તિ પડી જતા બાળકને ગંભીર ઈજા થવા પામી હતી તો બીજી તરફ ઘટના ને લઈ ગામમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો ધ્વરા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈ એમ ટી ગૌરિચંદ્ર તાત્કાલિક ઘટના સ્થળે પહો ચી ઘાયલ બાળકને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું રેફરલ હોસ્પિટલના તબીબ ધ્વરા પ્રાથમિક સારવાર આપી બાળકની હાલત ગંભીર જણાતા વધુ સારવાર અર્થે આગળ રીફર કરવામાં આવ્યું હતું

# શ્રાવણના પ્રારંભ સાથે જ પાલનપુર પંથકના શિવાલયો ગુંજી ઉઠ્યા

## પાતાળેશ્વર મહાદેવ મંદિરમાં ભક્તોની જામી ભીડ શિવની આરાધના કરવા અધીરા બન્યા શિવભક્તો



પાલનપુર, તા. ૩

આજથી હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસનો શુભારંભ થયો છે. શ્રાવણ માસના પ્રારંભ સાથે જ પાલનપુરના શિવાલયો ''હર હર મહાદેવ''ના નાદથી ગુંજી ઉઠ્યા છે. પાલનપુરના ઐતિહાસિક શ્રી પાતાળેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે પ્રથમ દિવસથી જ શિવભક્તોની ભારે ભીડ જામી હતી.

આજથી હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. શ્રાવણ માસ એ દેવાધિદેવ મહાદેવની શિવ-આરાધના કરવાનો માસ છે.

પાલનપુરના પ્રાચીન શ્રી પાતાળેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે વહેલી સવારથી જ શિવભક્તો ઉમટી પડ્યા હતા. જેઓએ ભગવાન શિવજીને જલાભિષેક કરી બીલીપત્ર ચડાવી વિશેષ પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

# સિયાસણમાં ત્રણ ઘરમાં તોડફોડ કરાતા પાંચ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૩

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના સિયાસણ ગામે સોમવારે પાંચ જણાએ ત્રણ જણાના ઘરમાં આવી હથિયારોથી હુમલો કરી રૂા. ૨૫ હજારનું નુકશાન પહોંચાડયાની ફરિયાદ સોમવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સિયાસણ ગામે રહેતા ગીતાબેન સુરેશભાઈ પારઘીના ઘરે આવીને મનીષભાઈ મોતીભાઈ પારઘી, ઈશ્વરભાઈ જીવાભાઈ ડોડીયાર, કિરણભાઈ મોતીભાઈ પારઘી, મુકેશભાઈ રામજીભાઈ પરમાર અને દિનેશભાઈ રામજીભાઈ પારઘીએ એકસંપ થઈ તલવારથી ઘરમાં તોડફોડ કરી હતી. ઉપરાંત પ્રકાશભાઈના ઘરમાં જઈ મીટર તથા કૂવાની મોટરનું સ્ટાટર અને કેબલ કાપી નાખ્યો હતો. તેમજ ભૂમિબેનના દરવાજા પર તોડફોડ કરી પાંચેય જણાએ અંદાજે રૂા. ૨૫ હજારનું નુકશાન કરી, ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયા હતા. જે અંગે ગીતાબેન પારઘીએ પાંચેય જણા વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ઈડરમાંથી સગીરાનું અપહરણ કરાતાં એક વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જીલ્લાના ઈડરના પાંચ હાટડીયામાં રહેતા સદામહુસેન અયુબખાન ખોખરની સગીર વયની બહેન સાહેરબાનુ અયુબખાન ખોખરની સોમવારે ઈડરના જ જયદીપ હર્ષદભાઈ સોલંકી લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી ગયા હતા. જે અંગે સદામહુસેન ખોખરે જયદીપભાઈ સોલંકી વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્માની હરણાવ નદીમાં ઘોડાપુર, લોકો જોવા ઉમટ્યા



ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્માની હરણાવ નદીમાં સવારના સમયે નદીમાં પાણી આવતા શહેરના લોકો પાણી જોવા ઉમટી પડ્યા હતા. રાજસ્થાનના ઉપર વાસમાં ભારે વરસાદ વરસતા ખેડબ્રહ્માની હરણાવ નદી બે કાંઠે વહેવા લાગી હતી. નદીમાં પ્રથમવાર પાણી આવતા લોકોના ટોળેટોળા પાણી જોવા ઉમટી પડ્યા હતા.

# ઊંઝા તાલુકાનાં જાહેર શૌચાલયોનાં બાંધકામમાં ગેરરીતિની ફરિયાદ

ઊંઝા, તા. ૩

સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વ્યક્તિગત શૌચાલયોના બાંધકામનું કામ મોટાભાગે પૂર્ણતાને આરે છે. ત્યારે આ શૌચાલયો બનાવવાના કામમાં કથિત ગેરરીતિઓ થકી ભ્રષ્ટાચાર થયો હોવાની વાતો ચર્ચાય છે. ત્યારે ખરેખર આમાં સત્ય શું છે, તે અંગે ઉચ્ચકક્ષાએથી તપાસ થવી જરૂરી મનાય છે.

કહે છે કે, આમાં કેટલાક સરકારી અધિકારીઓ, સરપંચો, તલાટીઓ અને કોન્ટ્રાકટરો સંડોવાયેલા હોવાના આક્ષેપો થઈ રહ્યો છે. ત્યારે આમાં ખરેખર સત્ય શું છે તે અંગે આની ઉચ્ચ કક્ષાએથી તપાસ થવી જરૂરી મનાય છે.

બીજું શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં પે એન્ડ યુઝના ધોરણે જાહેર શૌચાલયોની વ્યવસ્થા છે. પરંતુ જયાં ત્યાં છુટા છવાયા ઝુંપડાઓમાં વસવાટ કરતા કેટલાક ગરીબ પરીવારો જેઓની પાસે જમીન, મકાન કે ઘર નથી તેમજ અન્ય કોઈ પુરાવા નથી તેવા પરીવારો શૌચાલય વિહોણા હોવાથી તેઓને ના છૂટકે નિત્યક્રમ માટે ખુલ્લામાં કુદરતી હાજતે જવું પડે છે. આવા લોકો માટે હજી સુધી સરકારીતંત્રો દ્વારા કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નથી તેવું કહેવાય છે.



ભારત સ્કાઉટ ગાઈડ સંઘ તથા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે રાજ્યપાલ પુરસ્કાર માટે સેવાકાર્ય અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈ મુકામે કરવામાં આવ્યું જેમાં સમારંભના અધ્યક્ષસ્થાને રણવીરસિંહ ડાભી (અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ) તથા મુખ્ય મહેમાનોમાં દિલિપસિંહજી પરમાર (માજી ધારાસભ્ય, મોડાસા) તથા પ્રહલાદસિંહ ચંપાવત (ચેરમેન, ટીંટોઈ એજ્યુકેશન, સોસાયટી) ઉપસ્થિત રહ્યા. જેમાં મુખ્ય ઉદ્દેશ સમાજ સેવાના ભાગરૂપે ગ્રામ સફાઈ કાર્યક્રમ, વૃક્ષારોપણ, રોગનિદાન કેમ્પ તથા વ્યસનમુક્તિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાબરકાંઠા ચીફ સ્કાઉટ કમિશનર અતુલભાઈ દિક્ષીત, અરવલ્લી ચીફ સ્કાઉટ કમિશનર સંગીતાબેન સોની તેમજ સ્કાઉટ કમિશનર પ્રદિપભાઈ એસ. પટેલ તથા આચાર્ય વી.એમ. ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું.

# ધાનેરા પોલીસે દારૂ ભરેલી ટવેરા ગાડી સાથે ચાલાક ને ઝડપી પાડ્યો

## ૩.૪૧ લાખ ના મુદ્દામાલ પાર કબજો મેળવી તપાસ હાથ ધરી





ધાનેરા, તા.૩

બનાસકાંઠાની ધાનેરા પોલીસે જડીયા ગામ પાસે થી દારૂ ભરેલી ટવેરા ગાડી સાથે ચાલાક ને ઝડપી ગુનો નોંધી તાપસ હાથ ધરી છે

બનાસકાંઠા નો ધાનેરા તાલુકો રાજેસ્થાન અને ગુજરાત બોર્ડર ઉપર આવેલો તાલુકો છે માટે બુટલેગરો અવનવી રીત અપનાવી ગુજરાત માં દારૂ ઘુસાડવાનું મોટું નેટવર્ક ચલાવી રહ્યા છે પરંતુ ધાનેરા પોલીસ ની સજાગતા ના કારણે પોલીસ દારૂ ઝડપી પાડવામાં સફળતા મેળવે છે આજે ધાનેરા પોલીસ વાહન



ચેકીંગ માં હતી તે સમય ધાનેરા તાલુકા ના જડીયા ગામ પાસે ના કાચા રસ્તા પરથી પસાર થતી ટવેરા ગાડી નંબર GJ 06 BL 7941ની તલાશી લેતા ગાડી માંથી વિદેશી દારૂ ની બોટલ નંગ-૪૧૪ મળી આવી હતી જેની કિંમત ૪૧૪૦૦ અને ગાડી ની કિંમત ૩૦૦૦૦૦ કુલ ૩૪૧૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ગાડી ના ચાલાક જગદીશકુમાર તારાજી લુહાર રહે જાખડી તા.રાણીવાડા વાળા ની અટકાયત કરી ગુનો નોંધી તાપસ હાથ ધરી છે તો આ દારૂ ક્યાંથી લાવ્યો અને ક્યાં લઈ જવાતો હતો તે તો પોલીસ તાપસ બાદજ બહાર આવશે.

# પાલનપુરમાં મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી કરાઈ



પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લામાં ૧લી ઓગષ્ટથી તા. ૧૫ ઓગષ્ટ સુધી મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રની બહેનોને સ્વરોજગારી અંગે માર્ગદર્શન આપવા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નારી સંરક્ષણ કેન્દ્રની બહેનોને ટુંકાગાળાની તાલીમ જેવી કે શિવણકામ, ભરતગુંથણ, પગલુંછણીયા બનાવવા વગેરે અંગે સંસ્થાના ઉદ્યોગ શિક્ષક દ્વારા તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી જશુભાઈ ચૌધરી, દહેજ પ્રતિબંધક અધિકારી રમીલાબેન ચાવડા, બાળ ચિલ્ડ્રન હોમ અધિક્ષક મનીષભાઈ જોષી, નારી સંરક્ષણ કેન્દ્રના અધિક્ષક કલ્પનાબેન વાઘેલા અને કેન્દ્રની બહેનો ઉપસ્થિત રહી હતી.

# અરવલ્લીમાં શિવાલયો ઉભરાયાં



અરવલ્લી, તા. ૩

હિન્દુ સંસ્કૃતિમાં પવિત્ર શ્રાવણ માસ પાવનકારી ગણાય છે. ત્યાં આ માસની શિવજીના ઉપાસકોમાં અનેરૂ મહત્વ હોવાથી શ્રાવણના પ્રથમ દિવસે જ શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. બન્ને જિલ્લાના શિવાલયોમાં શ્રાવણ માસ નિમિત્તે ભક્તોના આવકારવા પુજારીઓ અને ટ્રસ્ટીઓએ રંગરોગાન તેમજ શિવાલયોને શણગારવામાં આવ્યા હતા. શિવાલયોમાં સાફ-સફાઈ અને ચોમાસાની ઋતુમાં વરસાદી પાણીથી શિવાલયોની આજુબાજુમાં ગંદકી ન થાય તે માટે વિશેષ કાળજી લીધી હતી. શ્રાવણના પ્રથમ દિવસે જ બન્ને જિલ્લાના શિવાલયો બમબમ ભોલે અને ઘંટનાદથી ગુંજી ઉઠ્યા હતા.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના શિવાલયોમાં આજથી શરૂ થયેલા શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે જ સ્વંભુ તેમજ અન્ય મોટા શિવાલયોમાં શિવ ઉપાસકો તેમજ ભૂદેવો દ્વારા પૂજા-અર્ચના, અભિષેક તથા બિલિપત્ર ચઢાવી શ્રદ્ધાપૂર્વક ભોળા શિવજીની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. મોડાસા શહેરના ગેબીનાથ મહાદેવ અને અતિ પ્રાચીન કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, ખાતે શ્રાવણ માસના પ્રથમ દિવસે શિવ ઉપાસકોની ભારે ભીડ જોવા મળી હતી અને શિવાલયોમાં ઓમ નમઃ શિવાયના નારાઓથી ગુંજી ઉઠ્યા હતા. શિવભક્તો શિવજી ભગવાનની કૃપા મેળવવા દૂધ, જળ, શેરડીનો રસ, મદ પંચામૃત વિગેરેનો અભિષેક કરવાની સાથે પવિત્ર શ્રાવણ માસ શરૂ થતા ઉપવાસ કરી શિવજીની આરાધના કરી હતી. જિલ્લાના શિવાલયોમાં વહેલી સવારે ૪ વાગ્યાથી જ શિવભક્તોની ભીડ જામી હતી અને ભોળાનાથ શિવજી ભગવાનની પૂજા અર્ચના કરી બિલીપત્રો ચઢાવી ધન્યતા અનુભવી હતી.

શ્રાવણ માસમાં શિવજીની ઉપાસના માટે શિવભક્તોનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને વાતાવરણ શિવમય બની ગયુ હોય તેમ બમ બમ ભોલેના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતુ. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના શિવાલયોમાં મહાદેવને રીઝવવા શિવ મહીમ્ન, શિવકથા, લઘુરૂદ્ર, ભજન, મહાઆરતી સહિત ભગવાન શિવને લગતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# ઝાંઝવા પાસે વિદેશી દારૂ ઝડપાયો

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકાના ઝાંઝવા પાંણાઈ ગામ પાસેથી પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન મળેલી બાતમીના આધારે રૂ. ૯૯,૬૦૦ની કિંમતનો વિદેશી દારૂ તથા કારની કિંમત રૂ. ૪ લાખ મળી રૂ. ૪૯૯૬૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. કારચાલકો નાસી છૂટ્યા હતા.

ખેડબ્રહ્મા પીએસઆઈ એસ.એમ. ગામેતી, હે.ડો. અશ્વિનભાઈ કાવાજીને બાતમી મળી હતી કે રાજસ્થાનના મામેર તરફથી સફેદ કાર નંબર જી.જે.૦૯.બીડી.૧૫૪૬માં વિદેશી દારૂ ભરી ભૂરીઘરકુડ રોડથી ઝાંઝવા પાંણાઈ થઈ ખેડબ્રહ્મા આ કાર જવાની છે તેથી પોલીસે પાંણાઈ ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. કારમાં તપાસ કરતા જુદા જુદા બ્રાન્ડનો વિદેશી દારૂ તથા બીયરની ૪૫ પેટી તથા ૪૫ છુટા નંગ મળી કુલ ૮૯૪ નંગ ભરેલા હતા. જેની કિંમત રૂ. ૯૯,૬૦૦ તથા કારની કિંમત રૂ. ચાર લાખ મળી કુલ રૂ. ૪,૯૯,૬૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. હે.કો. અશ્વિનભાઈ કાવાજીએ અજાણ્યા કારચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. પીએસઆઈ એસ.એમ. ગામેતી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ખેડબ્રહ્માની કોસંબી નદીમાં ફસાયેલા ત્રણને બચાવાયા



ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્માના જગનાથપુરા પાસેથી પસાર થતી કોસંબી અને હરણાવ નદીના પટમાં રેતી ભરવા ગયેલા અને નદીમાં અચાનક પુર આવતા ફસાઈ ગયા હતા. જે તંત્રને જાણ થતાં ત્રણે માણસોને બચાવી લેવાયા હતા.

ખેડબ્રહ્માની હરણાવ અને કોસંબી નદીના પટમાં જગનાથપુરા પાસે ટ્રેક્ટર લઈ રેતી ભરવા ત્રણ માણસો ગયા હતા. દરમિયાન હરણાવ અને કોસંબી નદીના ઉપર વાસમાં ભારે વરસાદ પડતાં કોરી ધાકોર નદીઓમાં અચાનક પુરૂ આવ્યુ હતુ.

અચાનક નદીમાં પુર આવતા ત્રણ માણસો બેટ ઉપર જતા રહ્યા હતા. તંત્રને આ અંગે જાણ થતા તાબડતોબ ખેડબ્રહ્મા-હિંમતનગર-ઈડરના ફાયર ફાઈટર લઈ મામલદાર વી.જે. પટેલ, નાયબ મામલતદાર ગોવિંદભાઈ નાઈ અને પ્રિયંકભાઈ પટેલ સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને ગામ લોકો, ફાયર ફાઈટરના માણસો દ્વારા કાન્તીભાઈ સોમાભાઈ આદીવાસી, કાન્તીભાઈ સંતાભાઈ ડાભી, તથા બુબડીયા સેજાભાઈ રામાભાઈને બચાવી લેવામાં આવ્યા હતા.